# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૪૬ (જહાંગીરપુરા)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

# : અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૪૨(૧) અને અધિનિયમના નિયમો- ૧૯૭૯ના નિયમ- ૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | હજીરા- કઠોર નેશનલ હાઈવે તથા મોજે: જહાંગીરપુરાનો બાકી રહેતો વિસ્તાર |
| દક્ષિણે | : | નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા- પીસાદ) તથા સુરત- ઓલપાડ અને સુરત- વરીયાવ રોડનું જંકશન |
| પૂર્વે | : | સુરત- વરીયાવ રોડ તથા મોજે જહાંગીરપુરાનો બાકી રહેતો વિસ્તાર. |
| પશ્ચિમે | : | સુરત- ઓલપાડ સ્ટેટ હાઈવે તથા નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા- પીસાદ)ની હદ. |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/ સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પીઆરઓ/૩૦૫
તા. ૨૩/૧૦/૨૦૦૨/૨૦૦૩

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

મોજે જહાંગીરપુરા વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૬ (જહાંગીરપુરા) તૈયાર કરવા બાબત.

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭.૧.૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગર પાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગર પાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર પાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧/૨૦૦૨, તા. ૨૫.૧.૨૦૦૨થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૬માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરપુરા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૬ (જહાંગીરપુરા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર પાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

નં. પીઆરઓ/૪૩૫/૨૦૦૧-૨૦૦૨ — કમિશનર

તા. ૧૨.૨.૨૦૦૨ — સુરત મહાનગર પાલિકા

### ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૫.૧.૨૦૦૨ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૮.૧.૦૨નાં પત્ર નં. સીમીસ/૮/૩૭ થી વિદિત થઈ, સુરત મહાનગર પાલિકાની હદમાં જહાંગીરપુરા વિસ્તારમાં, દરખાસ્તની ફાઈલના પાના નં. ૧૧૭ પર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૪૬ (જહાંગીરપુરા) તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલના પાના નં. ૧૨૩ પર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવા તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧/૨૦૦૨ સર્વાનુમતે મંજુર.